# નિરપેક્ષ પ્રેમ હોય તો જીવન ભર્યું ભર્યું હોય છે.



''તેં મારામાં કોઈ મહત્વકાંક્ષા જગાડી જ નહિ. મને તું તારા જેવી સામાન્ય ગૃહિણી જ બનાવવા જ ઈચ્છતી હતી.કાયમ મારી પાસે સમતા ,ત્યાગ,સમાધાન, શાંતિ, ધીરજ, સહિષ્ણુતા,અને ઉદારતાની તું વાતો કરતી જ રહી અને મારું મગજ બગાડી મૂક્યું. આજની યુવતી યુવક કરતાંય ચડી જાય એટલો પોતાનો વિકાસ સાધે છે. પણ તને મારા વિકાસની ક્યાં પડી જ હતી?

**અવંતિકા** ગુણવંત

વૈશાખી દેખાવે સુંદર છે, બુધ્ધિએની કુશીગ્ર છે.તીવ્ર યાદ શક્તિ છે. પણ એનામાં વૈચારીક સંતુલન નથી. એ દરેક વ્યક્તિને વહેમથી જુએ છે. શંકા કુશંકા કરે. દરેકને પોતાના વિરોધી જ માને. પરિણામે એની જીભ એટલી કડવી હતી કે એને કોઈ ખુલ્લા મનથી આવકારતું નહિ. વૈશાખીને કોઈનામાં ભરોસો, વિશ્વાસ, શ્રધ્ધા નહિ. કોઈને પોતાના આત્માય ન ગણી શકે. કોઈની સાથે મૈત્રી ન કેળવી શકે. એ નાની નાની વાતમાં વગર વિચારે બીજા પર આક્ષેપ મૂકે કે તારા લીધે મારું કામ બગડ્યું. તને મારા માટે લાગણી નથી. એનામાં અસંતોષ જ અસંતોષ હતો . પોતાની નિષ્ફળતાને એ બીજા પર ઠોકી બેસાડે. એ બીજાઓ પાસેથી ખૂબ અપેક્ષાઓ રાખે, અને અપેક્ષાઓ ના સંતોષાએ તો એ વ્યક્તિને પોતાની શત્રુ જ માને અને ઊશ્કેરાઈ કકળાટ-કકળાટ કરી મુકે. સામા માણસમાં અજંપો ઊભો કરે અને પોતાની માનસિક શાંતિ હણી નાખે. એ આવેગ અને આવેશમાં જ જીવે. આવી અસંતોષી વૈશાખી ગ્રેજ્યુએટ થઈ ગઈ. એના અભ્યાસ પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું. હવે એના માતા-પિતા એના માટે મૂરતિઓ શોધતા હતા, પણ ક્યાંય માળ પડતો નહતો.એની સહાધ્યાયિનીઓ અને એની ઉંમરની એના કુટુંબની બીજી છોકરીઓનાં લગ્ન થવાં માંડ્યાં અને એનું લગ્ન વિલંબમાં પડ્યું. એટલે તો એ ઈર્ષાથી સળગી ઊઠી. કોઈના લગ્ન વિશે સાંભળે એટલે એનું મગજ એટલું બગડી જાય કે એના પોતાના પર કાબુ જ ના રહે. મોંએ આવે એમ બેફામ બોલે જ જાય, અટકે જ નહિ, સ્થળ સમય નું ભાન ના રહે અને બોલે જ જાય.

વૈશાખી પૂરી તાકાતથી મોટે મોટેથી બોલે જાય,ચારેબાજુઓનાં પડોશીઓને જાણે સંભળાવવાં માંગતી હોય એમ એ 'ઘાંટા પાડીપાડીને બોલે. ઘરની આબરુ જાય એવો વિચાર જ ન કરે. એને કોઈ શરમ સંકાચ ન હતાં.

વૈશાખીનાં મમ્મી પપ્પા મુંઝાયેલા કે શું કરીએ તો વૈશાખી શાંત રહે. વૈશાખીનાં મમ્મી દક્ષાબહેન ખૂબ જ પ્રેમથી વૈશાખીને સમજાવવા જાય તો એ મોટા ઘાટે બોલી ઊઠે, ''તું તો કાંઈ બોલતી જ નહિ તુ કહેવા પૂરતી જ મારી મમ્મી છે. તેં મને ગુજરાતી મિડિયમમાં ભણાવી. મારામાં અને ગામડાની છેકરીમાં ફેર શું ? તે મારા ભવિષ્યનો કોઈ વિચાર કર્યો ? ના, સામાન્ય છોકરીની જેમ મને તે કોમર્સ ગ્રેજ્યુયેટ બનાવી, એટલે તારી ફરજ પૂરી થઈ ગઈ એમ તુ સમજે છે. તેં મને ડોક્ટર કે એન્જિનિયર બનાવી હોત તો મારુ કેટલું માન હોત,હું કેચલુ બધુ કમાતી હોત.''

વૈશાખી બોલે જ જાય છે અને દક્ષાબહેન ચૂપચાપ સાંભળ્યા જ કરે છે. એ જાણે છે કે વૈશાખી સમક્ષ કોઈ દલીલ કરશે તો એ વધારે ઉશ્કેરાશે.

વૈશાખી બોલે છે. ''તેં મારામાં કોઈ મહત્વકાંક્ષા જગાડી જ નહિ. મને તું તારા જેવી સામાન્ય ગૃહિણી જ બનાવવા જ ઈચ્છતી હતી.કાયમ મારી પાસે સમતા ,ત્યાગ,સમાધાન, શાંતિ, ધીરજ, સહિષ્ણુતા,અને ઉદારતાની તું વાતો કરતી જ રહી અને મારું મગજ બગાડી મૂક્યું. આજની યુવતી યુવક કરતાંય ચડી જાય એટલો પોતાનો વિકાસ સાધે છે. પણ તને મારા વિકાસની ક્યાં પડી જ હતી ? મેરેજ કરવામાંય મારે કટલી તકલીફ ? મારે તો સામાન્ય છોકરાથી મન વાળવાનું ને !

વૈશાખી આક્ષેપો પર આક્ષેપો કરે જાય છે.પણ દક્ષાબહેન ચૂપ છે. દીકરી માટે એમને ખૂબ જ જીવ બળે છે. પણ શું કરે ? અત્યારે તો કોઈ સગાં ય વિવાહને મામલે રસ લેતા નથી સગાં, સ્નેહીજનો કે ઓળખીતા બધાં જ દૂર રહે છે. વિવિધ લગ્નસંસ્થાઓમાં નામ નોધાવ્યું છે પણ વૈશાખી જે છોકરાને પસંદ કરે એ છોકરો વૈશાખીને પસંદ નથી કરતો અને જે છોકરો વૈશાખીને પસંદ કરે છે એને વૈશાખી પસંદ નથી કરતી.

કોઈ છોકરા સાથેની વાત આગળ ના ચાલે એટલે વૈશાખી એના માબાપ પર ભભૂકી ઊઠે, "તમે મને ડોક્ટર કેમ ન બનાવી ? હું ડોક્ટર હોત તો વધારે કમાતી હોત ,મારો રુઆબ જ જુદો હોત પણ તમને ક્યાં મારી દરકાર છે ?'' દીકરીનાં આક્ષેપોથી અકળાઈ ગયેલા દક્ષાબહેન બોલ્યાં, "વૈશાખી ,હું તારી માં છું, માલિક નહિ .તારી બહેનપણી જયશ્રીની જેમ તને બી.કોમ. થવાનું મન થયું તો તને કોમર્સમાં મોકલી. તારે જે દિશામાં જવું હોય તે દિશામાં એ રસ્તે જવાની અનુકુળતા કરી આપી. અમે બળજબરીથી તને અમુક દિશામાં મોકલવામાં માનતી નથી''

એક મા તરીકે મનેતુ ખૂશ રહે એ ગમે. અને તને તારું મનગમતું ભણવા મળે તો તું દિલ રેડીને ભણી શકે એમ વિચારીને અમે તને કોમર્સમાં મોકલી એમાંખોટું શું કર્યું છે ?''



“તે ખોટું જ કર્યું છે, હું તો ના સમજ નાદાન હતી, મને તો કાંઇ ખબર ના પડે કે કઇ લાઇનમાં જવું સારું પણ મારી ફ્રેન્ડ જયશ્રી કોમર્સમાં જતી હતી તો મેં કોમર્સમાં જવાનું મન કર્યું પણ તારે મને સમજ પાડવી જોઇએ ને ! કે હું હોશિયાર હતી, જો તે મને સાયન્સમાં મોકલી હોત તો હું મેડિકલમાં જાત અને ડોક્ટર બનત. તો અત્યારે મારી જિંદગી નંબર વન હોત પણ તને મારી પ્રગતિમાં, મારા વિકાસમાં રસ જ ક્યાં હતો ?”

દક્ષાબહેન બોલ્યાં “વૈશાખી, સાંભળ, મોટામોટા શિક્ષણશાસ્ત્રીઓ કહે છે, કે માબાપે પોતાના સંતાનને કોઇ કુટેવ ન પડે, વ્યસન ના વળગે, એનું આરોગ્ય જળવાય અને એનું મન ગ્રંથીરહિત રહે એ જોવાનું હોય નહિ કે એની પર પોતાના વિચારો ઠોકી બેસાડવાના, તમારા સંતાનનું અસ્તિત્વ તમારાથી અલગ છે, સ્વતંત્ર અસ્તિત્વ છે. એના વિચારો ,આકાંક્ષા, સ્વપ્નાં, માબાપથી જુદા હોઇ શકે.માટે માબાપે પોતાના સંતાનોને એમની રીતે વિકસવા દેવાં જોઇએ. તું આ લાઇનમાં જા કે તે લાઇનમં જા એવો આગ્રહ ન કરવો જોઇએ.”

દીકરી વૈશાખી તારા કોઇ પગલાંથી તારુ અશુભ ન થાય ,અમંગળ ન થાય એનો મે ખ્યાલ રાખ્યો છે. પુરેપુરો ખ્યાલ રાખ્યો છે.

તારા જીવનસાથી તરીકે તેં અરુણને પસંદ કર્યો ત્યારે એને કોઇ વ્યસન નથી તો એનામાં કોઇ અવગુણ નથી એટલું જ મે જોયું છે. તારો જીવનસાથી પસંદ કરવાની મે તને સંપૂર્ણ છૂટ આપી હતી પણ સાથે સાથે તારા ઘડતર દરસ્યાન સારુંખોટું પારખવની વિવેકબુધ્ધિ પણ તને આપી છે પરંતુ દીકરી હું જે વિચારું છું એજ સાચું છે એવું હુ નથી માનતી. મારી પમ કોઇ ભૂલ હોઇ શકે.મને જે દેખાયું એના સિવાય બીજું કેટલુંય એવું હેઇ શકે જે મને ન દેખાયું હોય, અને જીવનમાં આપણે નધાર્યું હોય એવું કેટલુંય બને છે. માટે ધીરજ રાખવાની ,સમતા ઉદારતા, સહિષ્ણુતા દાખવવાની અને હિંમત ખોયા વિના નવેસરથી આરંભ કરવાનો. બેટા રોજ સુરજ ઊગે છે અને નવો દિવસ શરૂ થાય છે એવી જ રીતે આપણા જીવનમાં નવી સમજ પ્રાપ્ત થાય છે. ત્યારે આપણે નવો આરંભ કરવાનો ,જીવનમાં આવું બધું તો ચાલ્યા જ કરે જીવનમાં અનેક રંગ છે એને માણતા જવાનું .”

**વૈશાખીનાં મમ્મી પપ્પા મુંઝાયેલા કે શું કરીએ તો વૈશાખી શાંત રહે. વૈશાખીનાં મમ્મી દક્ષાબહેન ખૂબ જ પ્રેમથી વૈશાખીને સમજાવવા જાય તો એ મોટા ઘાટે બોલી ઊઠે, “તું તો કાંઈ બોલતી જ નહિ તુ કહેવા પૂરતી જ મારી મમ્મી છે. તેં મને ગુજરાતી મિડિયમમાં ભણાવી.**

દક્ષાબહેનની વાત વૈશાખીને સમજાઇ અને એનો અસંતોષ શમ્યો. જો કે દક્ષાબહેનને દહેશત છે કે વૈશાખીમાં ફરી ક્યારેક અસંતેષ પ્રગટી ઊઠશે અને કકળાટ કરી મૂકશે એ કહાવાય નહિ.વૈશાખીનાં એગ્રેસીવ સ્વભાવથી દક્ષાબહેન ડરતા. દક્ષાબહેન સ્વભાવે ગભરૂ છે, એકવાર એમના મનમાં ડર પેસી જાય પછી રાતદિવસ એ ડરની આશંકા થયાં જ કરે.

દીકરી વૈશાખીને પરણાવી તોય એમના જીવને ચેન નથી. જ્યારે જ્યારે ટેલીફોન રણકે તયારે ત્યારે તેઓ ટેલીફોનનું રીસવર ઉપાડતાં ડરે એમનાં મનમાં એક જ ડર ઘૂંટાયા કરે છે વૈશાખીનો કોઇ બખેડો તો નહિ હોય ને ! ક્યારેક તો એ બબડે હું એની જનેતા એનાથી અકળાઇ ગઇ હતી, એનાથી છૂટકારો ઇચ્છતી હતી તો પારકો જણ્યો બિચારો અકળાય જ ને ! અરુણ તો સારો છે એને નિભાવે છે.

આના લીધે જ્યારે જ્યારે વૈશાખી એના વર અરુણ વિશે ફરિયાદ કરે ત્યારે દક્ષાબહેન દીકરીને સમજાવતાંકહે કે “બેટા, લગ્ન પછી જીવનસાથીમાં કોઇ ખોડ ન શોધાય ,અને કદાશ કોઇવાર કોઇ ખોડખામી હોય તોય એ ખામી ને પ્રેમ કરવાનો હોય વખોડવાની ન હોય.

બેટા, સામાન્ય રીતે દરેક વ્યક્તિને એના દામપત્ય જીવનમાં ક્યારેક તો મુંઝવણ અને નિરાશાનો અનુભવ થાય જ છે. એવા સમયે નિરાશ નહિ થવાનું પણ શ્રધ્ધા, સ્નેહ અને સંયમથી વર્તવાનું . વૈશાખી જીવનસાથીના હાથમાં હાથ ભેરવીને જીવનનાં અગોચર નૂતન પ્રદેશમાં ડગ માંડવા એ ખરેખર સાહસનું કામ છે. એ અજાણ્યા પથમાં સંકટ આવે કે દુઃખ કે તકલીફ આવે ત્યારે ખભે ખભા મિલાવીને આગળ વધવું અઘરું છે. ત્યારે દુઃખ કે તકલીફ કોના કારણે આવ્યાં એવૂં વિચારવાનું નહિ પણ જે સમસ્યા કે સંકટ આવ્યા એની સામે બેઉએ એક થઇને લડવાનું છે. એવા એક્યની અનુભૂતિ સાહજિક રીતે થાય માટે દીકરી તારે અને અરુણે બેઉએ મથવાનું છે. ખુબ પ્રેમથી મથવાનું છે.

બેટા લગ્ન આપમેળે સ્વંમભૂ સફળ નથી નીવડતાં ક્યારેક સુખથી ભર્યાભર્યા દામપત્યજીવનમાંય ખાલીપાનો અહેસાસ થાય છે. જીવન કદી એકધારું નથી વહેતું, એ પ્રતિપળ પરિવર્તન પામે છે અને આપણે સાવચેત ન રહીએ તો સમસ્યાઓ ઉદ્ભવે છે.”

વૈશાખી એની મમ્મીની વાત સાંભળતી પણ પછી દલીલ કરતી , તું મને શિખામણ આપે છે પણ અરુણને આવું કોઇ નથી કહેતું,તો લગ્નજીવનને સાચવવાની ફરજ માત્ર સ્ત્રીની જ છે ? પુરુષોં મન ફાવે એ રીતે જીવે એના માથે કોઇ જવાબદારી નહી !

“બેટા, સ્ત્રી જેટલી જ ફરજ પુરુષની પણ છે, સ્ત્રીની જેમ પુરુષે પણ અન્યોન્યને સમજવાનાં ,સહેવાના ,એકબીજાની ભૂલો અને ત્રૂટીઓ ભૂલી જવાની ,કોઇનો વાંક હોય તો માફ કરી દેવાનો અને એકબીજાના સદ્ગુણો અને સારી વાતો યાદ રાખવાની.

બેટી , જો તમે હુંસાતુંસી કે ખેંચાખેંચમાં ફસાઇ જશો તો ઝઘડાઓ શરૂ થશે અને પ્રેમ ઊડી જશે માટે વૈશાખી તુ સમતા રાખ અને જીવનસમગ્રનો વિચાર કર.અણગમતા એક બનાવ પર ધ્યાન કેન્દ્રિત કરીને તુ જીવનની અખિલાઇને ભૂલીશ નહિ. દરેક ક્ષણ જીવન સમગ્રનો વિચારનો વિચાર કરો અને પ્રેમની અનુભૂતિ કરો. બેટા પતિપત્નીનાં હૃદયમાં સરળતા, નિખાલસતાં ,અન્યોન્યનાં તરફ સમર્પણભાવ અને સ્નેહ હશે તો ઘર સુખથી છલકાઇ જશે.દક્ષાબહેન પ્રેમના ચમત્કારની વાતો કરીને દીકરીનાં હૃદયનું પરિવર્તન કરે છે. ■